અપીલ અરજી નં.૩૦/૦૮-૦૯ તા. ૧-૫-૦૮

અરજદારઃ શ્રી દિવ્યકાંત કુંવરજી દેસાઈ
સામાવાળાઃશાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી

# હુકમઃ-

વિષયઃ- આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિવ્યકાંત કુંવરજી દેસાઈનીતા.૨૬-૨-૦૮ ની અરજીમાં ન.પ્રા.શિ.સમિતિની તમામ શાળાઓ ક્રમાંક ૧ થી ૨૭૬ અંગે મુદ્દા નં.૧ થી ૬ ની વિગતે માંગ્યા મુજબની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ-અરજદાર મજકુરની તા.૧-૫-૦૮ ની અપીલ અરજી નં.૩૦/૦૮-૦૯

શ્રી દિવ્યકાંત કુંવરજી દેસાઈની તા.૨૬-૨-૦૮ ની અરજીથી ન.પ્રા.શિ.સમિતિની તમામ શાળાઓ ક્રમાંક ૧ થી ૨૭૬ અંગે મુદ્દા નં.૧ થી ૬ વોર્ડ નંબર, શાળા ક્રમાંક,વોર્ડમાં જોવા જેવી સંસ્થાનું નામ અને સરનામું, વોર્ડમાં મળવા જેવા માણસનું નામ અને સરનામું,વોર્ડમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીયક્રમ મેળવેલ સંસ્થાની યાદી,વોર્ડમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીયક્રમ મેળવેલ વ્યકિતઓની નામની યાદીની વિગતો વિગેરે માંગ્યા મુજબની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી નહી પૂરી પાડવાથી અરજદાર ધ્વારા નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧-૫-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા અત્રેના પત્ર નં. આરટીઆઈસેલ/૧૦૬ તા.૬-૫-૦૮ ના રોજ શાસના ધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સમિતી ને જણાવવામાં આવેલ. જે અંગે ન.પ્રા.શિ.સમિતીના પત્ર નં.૬૦૬ તા.૧૫-૫-૦૮ થી અત્રેના વિભાગને મળેલ માહિતીમાં અરજદારને જાવક નં.૭૯૨૪ તા.૨૪-૩-૦૮ થી નિયત દસ્તાવેજી ફી રૂ.૨/- ભરી નકલ લઈજવા માટે જણાવવામાં આવેલ જે પત્રની નકલ સામેલ કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારી ધ્વારા નિયત દસ્તાવજો ફી ભરી માહિતી મેળવી લેવા અરજદારને સૂચિત કરેલ હોઈ તે મુજબ અનુસરી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૫ -૦૮.

ડે.*કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,ન.પ્રા.શિક્ષણ સમિતી ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિવ્યકાંત કે. દેસાઈ